

December 2022 | Issue No. 37 | A monthly newsletter

# Roshni

**Reaching Out to Serve Humanity with New Initiatives**

PRABHAT EDUCATION FOUNDATION

## અમારા વિશે

પ્રભાત એજ્યુકેશન ફાઉન્ડેશન સંસ્થા કે જે 2003થી અમદાવાદના વંચિત વર્ગના વિશિષ્ટ જરૂરિયાત ધરાવતા બાળકો / વ્યક્તિઓ સાથે કાર્ય કરે છે. સંસ્થા વિશિષ્ટ જરૂરિયાત ધરાવતા બાળકો અને પુખ્તવયના લોકોના માનસિક અને શારીરિક પડકારોમાં મદદ કરે છે. સંસ્થા ૩ પ્રોગ્રામ દ્વારા કાર્ય કરે છે. - પ્રભાત સેન્ટર, સમુદાય આધારિત પુનર્વસન અને એડવોકસી દ્વારા નેટવર્કીંગ

પ્રભાત એક બાળક સાથે પહેલા કામ શરુ કર્યું હતું અને આજે તેનો વિકાસ અમદાવાદમાં વિશિષ્ટ જરૂરિયાત ધરાવતા 3000થી વધુ વ્યક્તિઓ તેમજ તેમના પરિવારો, પાડોશીઓ અને સમુદાયોને સ્પર્શે છે.




ખુશી ને ફેલાવવાથી ખુશી બમણી તો થાય જ ને ...

# પિતાની અંદર રહેલ માતૃત્વની એક ઝલક !







એમના ભાઇ બહેનનાં બાળકોને એમણે ખુબ રમાડતા અને તેને ફોટોમાં જીવંત રાખવું તેમને ખુબ પસંદ... એ સમયે કેમેરો ખાસ લીધો હતો. લગ્ન પછી જયારે તે પિતા બનવાના છે તે સમાચાર મળ્યા ત્યારે તે હરખ સમાતો ન હતો. એક તો બાળકો એમને ખુબ વ્હાલા એમાય જયારે પોતાનું બાળક આવવાનું છે એની તો લાગણી કઇ ઓર જ હતી. પહેલું જ બાળક હોવાથી તેમના પત્ની પિયર ગયા હતા. તેમનાં રીત રીવાજ મુજબ બાળકને તેના પિતા તરત જોઇ ન શકે. અને એમાય પરિવારમાં કોઇનું મરણ થયું તો ફરી દિવસો લંબાવાયા અને છેક અઢી મહીને પોતાના બાળકને જોવાનો અવસર પ્રદિપ ભાઇને મળ્યો.

એ ઘડી અત્યંત ભાવુક હતી, જેની કલ્પના કરી હતી તે નાનું બાળક તેમના હાથમાં હવે હતું. પ્રદિપભાઇ એ સમયની તેમની લાગણીને શબ્દોમાં વ્યક્ત નથી કરી શકતા. સ્વાભાવિક છે એ શક્ય પણ નથી. એ ક્ષણને તેઓ ફોટો સ્વરૂપે સાચવી રાખવા માંગતા હતા. અને તેથી જ ઉત્સાહભેર તેમના બાળકના ફોટા ક્લિક કર્યા. ફોટા ક્લીક કરતી વખતે તેમને થોડું અસહજ લાગ્યું. બાળક આંખો દ્વારા જે સામે જોવુ જોઇએ, રિસ્પોન્સ આપવું જોઇએ તે ન આપ્યું. તેમના શોખ પ્રમાણે બાળકના ફોટો લેવા ખુબ ઉત્સુક હતા. જેવા બાળકના ફોટો ક્લિક કરે બાળક રિસ્પોન્સ જ ન આપે. મનમાં થોડું સંશય થયું. પ્રદીપભાઇ કહે છે , "ડર કે મારે કિસી કો બતાયા હી નહિ. ' અને તેમણે તે બાબત પર ખાસ ધ્યાન ન આપ્યું. એ સુંદર બાળક એટલે વરુણ.

વરુણ સાથે દિવસો પસાર થયા. તેમના પિતા એની સાથે સતત રહેવા લાગ્યા. પણ તેમણે પ્રથમ જે શંકા અનુભવી હતી કે, વરુણ રિસ્પોન્સ નથી આપતો તેને લાંબો સમય અવગણી ન શક્યા અને આખરે 4 મહિના બાદ તેઓ ડોકટરને બતાવવા લઇ ગયા. ત્યારે ડોકટર તરફથી ખાસ ચિંતા જનક બાત નથી એવું કહી તેમને સાંત્વના આપી. હા.. થોડો હાશકારો મળ્યો પણ આ લાંબો સમય ન રહ્યો. 8 મહિના બાદ ફરી ખાનગી હોસ્પિટલ માં બતાવ્યું. તેના માટે ચોક્કસ ટેસ્ટ કરાવવા પડશે એક ટેસ્ટ થી ખ્યાલ નહિ આવે એમ કહી વરુણનાં ટેસ્ટ કરાવ્યા.

વરુણ પ્રકાશ હોય તેની સમક્ષ વધારે જોતો હતો. સાથે પરિવારે નોંધ્યું કે, જે વિકાસ તેનો થવો જોઇએ તે પણ નથી થઇ રહ્યો. પ્રદિપ ભાઇ કહે છે, બહોત રોયે થે પર તબ લગા કી , અચ્છે સે ડોકટર કો દિખાયેંગે તો હો જાયેગા પર ઐસા નહિ હુઆ. તેઓ સરકારી , ખાનગી હોસ્પિટલ માં ગયા, અલગ અલગ ડોકટર ને વરુણ ને બતાવ્યું. તેને વિઝન પ્રોબ્લેમની સાથે તે MR છે તે બાબતની જાણ થઇ. ત્યારે અત્યંત દુખ થયું હતું તેવું પ્રદિપ ભાઇ કહે છે. ઘણું બધું તેના વિષે વિચાર્યું હતું. તેને કઇ શાળામાં મુકવું વગેરે. પણ પછી વાસ્તવિકતા ને સ્વીકારવી પડી.

આર્થિક નબળી સ્થિતિને લીધે પણ મુશ્કેલીનો સામનો કરવો પડતો હતો. પરંતુ તેઓ આ બધું કરવા તેઓ તૈયાર હતા. આ સમયે તે જ્યાં કામ કરતા હતા તેમણે કહ્યું કે આર્થિક રીતે ટેકો કરશે પણ વરુણ બિલકુલ સાજો થઇ જવો જોઇએ. પ્રદીપભાઇ કહે છે. " વો તો કૈસે બતા સકતે હૈ. ઓર ઇસકા પરિણામ મિલેગા હી વો ભી કોઇ ગેરંટી નહિ દે સકતા."

તેઓ રાત્રે કારખાનામાં કરવા જાય છે જેથી તે દિવસે વરુણ ની સાથે રહી શકે. તે જ્યાં કામ કરે છે ત્યાં ઘણીવાર પગારની રીતે અનિયમિતતા હોય છે પરંતુ તે છોડતા નથી એનું કારણ પણ એ જ છે કે ત્યાં તે નાઇટ શિફ્ટ કરી શકે છે અને તે તેમના ઘરથી નજીક છે જેથી તે ઇમરજન્સી માં ઘરે જલ્દી આવી શકે. પ્રદિપ ભાઇ માટે પોતાની લાગણી ને વ્યક્ત કરતા કહે છે, " મુજે કિતના ભી દર્દ હો, દુખ હો , પરેશાની હો પર વો (વરુણ )અગર પાસ આ જાયે તો સારા ટેન્શન ખત્મ હો જાયે. "વરુણને નવડાવી, તૈયાર કરાવી એની સાથે ફરવા જવું એ પિતા પુત્રની એક ગમતી ક્રિયા બની ગઇ છે. પ્રદિપ ભાઇ કહે છે, " મેરે સાથ ઉસકો ગુમના હી પસંદ હૈ. વો તૈયાર હોકે મેરા હાથ પકડકે ચલતા હૈ. " પિતા અને દિકરા વચ્ચેની દોસ્તી ખુબ છે. તમારી વાત માને છે કે નહિ તે સવાલ પર હસતા હસતા પ્રદિપ ભાઇ કહે છે. " મુજે વો અપની સારી બાત મનવાતા હૈ. વો ચાહતા હૈ મુજે ઐસા હી કરના પડતા હૈ. ઉસકી મમ્મી કી બાત માનેગા પર મેરા તો બિલકુલ નહિ."

આજે 9 વર્ષનો વરુણ થયો છે, એની આ સફર પણ સરળ નથી રહી. તેના માતા પિતા બંને સાથે સંઘર્ષ કરેલ છે. પણ વરુણ પર એમનો વ્હાલનો ધોધ વહ્યા જ કરે છે. બીજું બાળક આવે અને તેને પહેલા જેટલો વ્હાલ નહિ કરી શકાય તો ? એ ડર થી તેઓ બીજું બાળક પણ ન કરવાનું નક્કી કરેલ. પણ પરિવારે સમજાવ્યું અને જવાબદારી લીધી તો એમને બીજી દિકરી નો જન્મ થયો. પરંતુ તેના પિતા કહે છે, "લડકે સે હી લાડ પ્યાર હોતા હૈ ઉતના લડકી સે નહિ હૈ ઉસકો તો પ્યાર કે અલાવા ક્યાં દે ? "અને કુદરતી રીતે જ એમની દીકરી પણ એ સમજ ધરાવે છે અને ભાઇને વ્હાલ માતા પિતા વધારે કરે તે સહજ છે.

4 વર્ષે તે પ્રભાતના સેન્ટરમાં જોડાયો હતો. પોતાના માતા પિતા સિવાય કોઇની પાસે ન રહેતો વરુણ પ્રભાતમાં આખો દિવસ રહી શકે છે. જે તેમના માટે મોટી સિદ્ધિ છે. વરુણ બીજા બાળકો સાથે રહેવા લાગ્યો છે. પિતા એ બાબતથી ખુબ ખુશ છે. એમના જીવનનું કેન્દ્ર વરુણ છે. બસ તેની જ આસ પાસ પ્રદિપ ભાઇ જીવન જીવી રહ્યા છે એવું મહેસુસ થાય છે. અદ્દભુત પિતા અને પુત્રના સાક્ષી બન્યાનો એક અનુભવ એમની સાથે વાત કરતા થયું .

# મંથલી અપડેટ

**મેન્ટલ હેલ્થને લઈને વાલીઓ સાથે સંવાદ** :આજના સમયમાં જયારે મેન્ટલ હેલ્થ લઈને અનેક ચર્ચાઓ થઇ રહી છે ત્યારે એના વિષે દરેક સ્તરે ચર્ચા થવી જોઈએ. આ મહીને વાલીઓ સાથે આ બાબતને લઈને સંવાદ કરવામાં આવ્યું. જેમાં સાયકોલોજીસ્ટ કિલ્લોલ ભાઈ દ્વારા મેન્ટલ હેલ્થ પર માહિતી આપવામાં આવી હતી. જેમાં વાલીઓએ પોતાના અનુભવોની રજૂઆત કરી હતી અને સાથે પોતાને મુંજવતા પ્રશ્નો પણ મુક્યા હતા. અહી રસપ્રદ બાબત અહી એજ બની હતી કે વાલીઓના સવાલો ની સામે બીજા વાલીઓ પોતાના અનુભવને આધારે જવાબ આપેલ હતા. અહી વાલીઓ હળવા થયા હતા. તેમની સાથે સમગ્ર કાર્યક્રમમાં અનુભવ્યું કે, તેમને અનેક સવાલો છે પણ તેના માટે જગ્યા નથી. અમુક વાલી તો પોતાની રજૂઆત કરતા રડી પણ પડ્યા હતા. આ સંવાદ કાર્યક્રમ એક અનુભવોની આપ લે માટે ઉત્તમ જગ્યા બની હતી. જેમાં 30 વાલીઓ ઉપસ્થિત રહ્યા હતા.

**વાલીઓનું આઈ ચેક અપ:** બાળકો સાથે સમયાંતરે આઇ ચેક અપ કરાવવામાં આવે છે. આ સાથે બાળકોના વાલી માટે પણ આ મહીને આંખના નિષ્ણાત શ્રી ડો. બિન્દ્રા શાહ દ્વારા આઈ ચેક અપ માટે કેમ્પ નું આયોજન ગોઠવવામાં આવ્યું હતું.15 માતાઓએ જેનો લાભ લીધો હતો.

**લોકશાહીનાં અવસરની દરેકને સમાન તક :** સરકાર સાથે વિવિધ સ્તરે સંકલન કરી સીસ્ટમમાં સંવેદનશીલતા અને જવાબદેહી વધે તે હેતુથી પ્રભાત પ્રયાસ કરતુ હોય છે. જે અન્વયે કોઇ પણ વ્યક્તિ શારીરિક વિકલાંગતાને લીધે મતાધિકાર માટે બુથ સુધી ન આવી શકે અથવા આવવામાં મુશ્કેલી ન વેઠે તે માટે સામાજિક સુરક્ષા વિભાગ –અમદાવાદ સાથે સંકલન કરવામાં આવ્યું. જે અન્વયે નિશ્ચિત કરેલ બુથ પર 257 જેટલી વ્હીલચેર ની સુવિધા ઉપલબ્ધ કરવામાં આવી હતી. જેથી વોટર ને ખુબ સરળતા રહી હતી.

**પેરેન્ટ્સ કમિટી મીટીંગ :** જયારે બાળકો સાથે કાર્ય કરી રહ્યા છીએ ત્યારે તેમના વાલીઓને એક ચોક્કસ માળખા સાથે તેમની વિકાસની સફર માં સહભાગી બનાવવા તે ખુબ જરૂરી લાગ્યું. સ્પેશીયલ બાળક નાં વિકાસની સફરમાં તેઓ સહભાગી બને તથા કોવીડ બાદ, અનેક બદલાવો થાય તેથી જ બાળકોના વાલીઓમાંથી જે સક્રિય વાલી હોય અને તેઓ ઉત્સાહી હોય તો તેમની કમિટી ચોક્કસ પ્રક્રિયા બાદ બનાવવામાં આવી છે. જેમાં તેઓ નિશ્ચિત કરેલ સમયમાં મળે છે. આ કમિટી માં 5 વાલી જેમાં બાળકની માતા છે અને અને બે સ્પેશીયલ એજ્યુકેટર નો સમાવેશ કરવામાં આવ્યો છે. તેમની આ મહીને મીટીંગ કરવામાં આવી હતી.

**ક્રિસમસની ઉજવણી :** દરેક તહેવારોને હર્ષોલ્લાસ સાથે ઉજવણી કરવી પ્રભાતની પરંપરા બની ગઇ છે. તેથી જ પ્રેમ, કરુણાનાં સ્વરૂપ એવા ઇસુનાં જન્મદિવસને પણ ખુબ ઉત્સાહ સાથે ઉજવણી કરવામાં આવી. કેક, મીઠાઇ થી લઈને સુંદર મજાના નાસ્તા સાથે બાળકો એ ક્રિસમસની ઉજવણી કરી.

**બાળકો શોપિંગ માટે ગયા :** પ્રભાતની હમેશા વિચારધારા રહી છે કે, જાહેર જગ્યા 'સ્પેશીયલ બાળક' ની વિઝીબીલીટી હોવી જરૂરી છે અને તેથી જ સભાન રીતે આને લઈને પ્રભાતમાં વિવિધ પ્રવૃતિઓનું આયોજન કરવામાં આવતું હોય છે. આ ઉદેશ્ય અને સાથે બાળકોને વ્યવહારુ જ્ઞાન મળે તે બંને બાબતોને ધ્યાનમાં રાખીને બાળકોને બજારમાં શોપિંગ માટે લઇ જવામાં આવ્યા હતા. બાળકોએ વ્યક્તિગત રીતે પોતાને જોઈતી વસ્તુ ખરીદી અને ક્યાંક કોઇએ ભાવ તાલ પણ કરાવ્યું. બાળકોએ પોતાની પસંદની વસ્તુઓ ખરીદી ત્યારે જે ચમક તેના ચહેરા પર હતી તે ખરેખર ખુબ 'વિશેષ' હતી. આ પ્રક્રિયાથી બાળકો નાણાકીય બાબત ને લઇને અવેર બને છે આ સાથે એમનામાં આત્મવિશ્વાસ પણ વધે છે.

**અમદાવાદ યુનિવર્સીટીનાં વિધાર્થીઓએ ટીચિંગ લર્નિંગ મટીરીયલ તૈયાર કર્યું.** બાળકોને સર્જનાત્મક રીતે શીખવવાની પ્રક્રિયા પ્રભાતની કાર્ય કરવાની પદ્ધતિ રહી છે. અને તેથી જ ટીચિંગ લર્નિંગ મટેરિયલ (TLM ) ને લઈને સતત નવું નવું કાર્ય થતું હોય છે. બાળકોને પણ નવા નવા સાધનો દ્વારા શીખવાની મજા આવતી હોય છે. તેથી જ પ્રભાત પ્રભાત સમયાંતરે વોલીયન્ટીઅર અને ઇન્ટર્ન સાથે આ ટીચિંગ મટેરિયલ લર્નિંગ બનવવાની પ્રક્રિયા કરતુ હોય છે. આ મહીને ગુજરાત યુનિવર્સીટીનાં આ મહીને બી.ટેક.નાં વિધાર્થીઓ સાથે ઓરીએન્ટેશન કરવામાં આવ્યું. ટીમના માર્ગદર્શન દ્વારા તેમણે વિવિધ મટેરિયલ બનાવ્યું. જેમાં તેઓ વિઝન પ્રોબ્લેમ હોય તેને લઈને TLM બનાવ્યું હતું.

**વિકલાંગતા દિવસ સંદર્ભે વાલી સાથે સંવાદ:** વાલી હમેશા બાળકના વિકાસની સફરમાં મુખ્ય ભૂમિકા ભજવે છે. તેથી જ પ્રભાત દ્વારા વાલી સાથે સતત સંવાદ ની પ્રક્રિયા સામુહિક અને વ્યક્તિગત સ્તરે મુલાકાત કરવામાં આવે છે. બેરલ માર્કેટ સ્થિત ડેહલુ માં વધારે અર્લી ઇન્ટરવેન્શન ને લઈને બાળકો આવતા હોય છે. વિકલાંગતા સંદભે વાલી જેટલા અવેર હશે તે બાળક માટે વધારે ફાયદાકારક રહે છે. વિકલાંગતા દિવસ ને ધ્યાનમાં રાખીને બાળકોના વાલી સાથે સંવાદ કરવામાં આવ્યું. જેમાં વિવિધ રમતો પણ રમાડવામાં આવી જેને લીધે વાલી એક બીજા થી નજીક આવ્યા અને આ પોતાની જગ્યા છે એવું મહેસુસ કર્યું. અહી તેમને વિકલાંગતા સંદભે માહિતી આપવામાં આવી હતી.

**મુલાકાત :** પ્રભાતને મૈત્રી ફાઉન્ડેશન તરફથી આશિક શાહ અને સોમ લલિત કોલેજના વિદ્યાર્થીઓને આવકારવાનો આનંદ હતો. તેમની મુલાકાત પ્રભાતના કાર્યને વિગતવાર સમજવા, સમુદાયોની ઊંડી સમજણ અને કેવી રીતે સહભાગી પ્રક્રિયાઓનું નિર્માણ ટકાઉ ઉકેલો બનાવવામાં મદદ કરે છે તે માટે હતી. આ મુલાકાતો ટીમ માટે તેઓ જે અદ્ભુત કાર્ય ખંતપૂર્વક કરે છે તેના માટે એક સ્વીકૃતિ સમાન છે. તે તેમની ભૂમિકાઓ વિશે વાત કરવા માટે અને દરેક ભાગ કેવી રીતે સંસ્થાના એકંદર દ્રષ્ટિકોણ સાથે સંરેખિત થાય છે તે વિશે વાત

# ફોટો ગેલરી














**Prabhat Education Foundation**
A-4, Sujal apartment
Opp. Satellite bungalow
Ramdevnagar
Ahmedabad 380015

**Phone:** +91-79-4890-305
**Email:** prabhat@prabhatedu.org
**Website:** www.prabhateducationfoundation.org